# આત્મ-કથન

## ભાગ-2

(હિન્દી પુસ્તકનો ગુજરાતી અનુવાદ)

વિપશ્યનાચાર્ય શ્રી સત્યનારાયણ ગોયન્કા




# આત્મ-કથન

## ભાગ-2

(હિન્દી પુસ્તકનો ગુજરાતી અનુવાદ)


**વિપશ્યનાચાર્ય શ્રી સત્યનારાયણ ગોયન્કા**


**વિપશ્યના વિશોધન વિન્યાસ**

**ધમ્મગિરિ, ઇગતપુરી**

**G20 – આત્મ-કથન** (ભાગ-2)

© વિપશ્યના વિશોધન વિન્યાસ
સર્વાધિકાર સુરક્ષિત

પ્રથમ સંસ્કરણ: મે 2022

**મુલ્ય: ૧૬૦.૦૦**
**Price: Rs. 160.00**

ISBN 978-81-7414-453-9

**પ્રકાશક:**
**વિપશ્યના વિશોધન વિન્યાસ**
ધમ્મગિરિ, ઇગતપુરી – ૪૨૨ ૪૦૩
જિલ્લો – નાશિક, મહારાષ્ટ્ર
ફોન: ૦૨૫૫૩-૨૪૪૯૯૮, ૨૪૪૦૭૬,
૨૪૪૦૮૬, ૨૪૪૧૪૪, ૨૪૪૪૪૦
Email: vri_admin@vridhamma.org
Website: www.vridhamma.org

**મુદ્રક:**
**અપોલો પ્રિટિંગ પ્રેસ**
૨૫૯, સીકોફ લિમિટેડ, ૬૯ એમ.આય.ડી.સી.,
સાતપુર, નાશિક – ૪૨૨૦૦૭, મહારાષ્ટ્ર

# આત્મ-કથન

## ભાગ-2

## અનુક્રમણિકા

પ્રકાશકીય ........ 7
ગુરુ પ્રત્યે નિષ્ઠાભાવ ........ 13
કલ્યાણદત્ત દૂબે ........ 15
ગોસ્વામી તુલસીદાસ ........ 20
રહિમન સુધા ........ 22
સગુણ સાકારની ભક્તિ ........ 30
રહીમ અને તુલસી ........ 34
દુબેજીનો દેશ પ્રેમ ........ 44
કેટલીક ઘટનાઓ ........ 52
મેટ્રિકનો અભ્યાસ ........ 53
હિન્દીનો પ્રચાર-પ્રસાર ........ 55
કવિતા લેખન ........ 56
હિન્દી લેખન ........ 56
કૃષ્ણ પ્રત્યે અપાર શ્રદ્ધા ........ 58
દ્રવીભૂત ભક્તિ ........ 65
મહાદેવજી નાથાણી ........ 66
આર્યસમાજનો સંપર્ક ........ 67
ભગવાન બુદ્ધ પ્રત્યે અસીમ શ્રદ્ધા ........ 74
ઉપહાસાસ્પદ વિટંબણા ........ 76
મારો ભાગ્યોદય થયો ........ 79

સાધના વિધિ ........ 83

**ઘરે પરત આવી ચિંતન કર્યું ........ 85**

**મારો નવો જન્મ થયો ........ 90**

એક આકસ્મિક સંયોગ ........ 90

પ્રથમ દર્શન - કાલામસુત્ત ........ 91

પ્રથમ દિવસનું તોફાન અને શાંતિ ........ 92

**પુનરાવલોકન ........ 98**

શું અભ્યાસ કર્યો? ........ 100

બુદ્ધવાણીનું વાંચન ........ 102

**સ્વામી વિવેકાનંદજીનો મારા જીવન ઉપર અગાધ પ્રભાવ ........ 106**

ભગવાન બુદ્ધની મહાનતા ........ 109

**ચાર્વાક અને બુદ્ધ ........ 112**

આસ્તિક-નાસ્તિક ........ 113

બ્રહ્મચર્યનું પાલન ........ 114

માગન્ધીય ........ 114

**અપરિવર્તનીય ........ 116**

નિર્વાણ શું છે ? ........ 117

**અમૃતનું દ્વાર ખુલી ગયું ........ 119**

અમૃત શું છે ? ........ 119

**'બૌદ્ધ ધર્મ'થી પરહેજ ........ 126**

પ્રથમ સંઘર્ષ ........ 127

બેવડી માનસિકતા ........ 129

**બુદ્ધની શિક્ષા નિષેધાત્મક નથી ........ 130**

ધર્મ અને વિનય ........ 131

મહાસ્થવિર મહાકશ્યપ ........ 132

અક્રિયાવાદી....133

વારિત્ત શીલ અને ચારિત્ત શીલ ....133

**અનિત્ય, દુઃખ, અનાત્મ....136**

**ભારત યાત્રા....142**

મહર્ષિ.... 143

સ્વામી.... 146

મહાત્મા.... 147

કબીર, નાનક વગેરે સંત....150

**પ્રીતિ–સુખ....155**

**અવિદ્યા....156**

**ક્ષણિકવાદ ....158**

**ભારતનું ઋણ....163**

ભારતમાં પ્રથમ શિબિર.... 164

અંગ્રેજી ભાષામાં પહેલી શિબિર.... 167

શિબિર-ખર્ચને લઈને ઉઠેલી શંકાઓ ....168

પાસપોર્ટ અને નાગરિકતા.... 169

ફ્રાંસમાં પહેલી શિબિર .... 170

અમેરિકામાં પહેલી શિબિર.... 170

મારા વિશે ઉઠેલી અફવા....171

**મ્યાનમારમાં રાષ્ટ્રીય સન્માન....172**

**'મિલેનિયમ વર્લ્ડ પીસ સમિટ'માં પ્રવચન....174**

શ્રીલંકામાં રાજકીય સન્માન અને પ્રવચન....175

ડાઓસમાં પ્રવચન ....175

ભોપાલ (મ.પ્ર.)માં પ્રવચન અને સન્માન.... 176

**ધર્મનો જયઘોષ....177**

**વિભિન્ન અલંકરણ ......................................................................... 178**

**વિપશ્યના વિશોધન વિન્યાસની સ્થાપના ........................................... 180**

**ગ્લોબલ વિપશ્યના પગોડાનું નિર્માણ .................................................. 181**

મ્યાનમાર અને સયાજી પ્રત્યે કૃતજ્ઞતા ..................................... 181

પગોડાની અન્ય વિશેષતાઓ .................................................. 182

પગોડા પરિસરના અન્ય આકર્ષણ ........................................... 185

**ધમ્મપત્તન વિપશ્યના કેન્દ્ર ................................................................ 188**

**પરિયત્તિ ભવનમાં પાલિભાષાનું શિક્ષણ ............................................... 189**

**પરિશિષ્ટ - 1 .................................................................................... 190**

પગોડા ઉપર વિભિન્ન પ્રસંગોએ થયેલ સમારંભો .................. 190

પગોડાનો વાસ્તવિક આકાર અને વિશેષતાઓ ........................ 191

સંક્ષિપ્તમાં મુખ્ય પગોડાના કેટલાક ટેકનિકલ તથ્ય ................ 192

**પરિશિષ્ટ 2 ....................................................................................... 193**

**પગોડા પરિસરમાં 'સધ્ધમ્મ સિરિ મહાબોધિ' ........................................ 193**

**વિપશ્યના સાધના કેન્દ્ર ..................................................................... 196**

# પ્રકાશકીય

'હોનહાર બિરવાન કે હોત ચીકને પાત' આ કહેવત વિપશ્યના આચાર્ય શ્રી સત્યનારાયણ ગોયન્કાજીને એકદમ લાગુ પડે છે. સાધકોની ઉત્સુક્તાને ધ્યાનમાં લઈને તથા અલગ અલગ પ્રકારથી પ્રેરણા આપવા માટે તેમણે આત્મકથન (ભાગ- 1 અને 2) લખ્યું છે. તે તેમની આધ્યાત્મિક યાત્રાનો અમૂલ્ય દસ્તાવેજ છે. એવું નથી કે તેમને તૈયાર રસ્તો મળી ગયો અને તેઓ તેના પર ચાલવા લાગ્યા. તેમના માટે આ સુવિધા (અને મુશ્કેલી પણ) છે, તેમની ચારેય તરફ અનેક માર્ગો હતા અને બધા પર તેઓ થોડું થોડું ચાલતા પણ રહ્યા પરંતુ આખરે તો તેમણે વિપશ્યનાનો 'રાજપથ' જ પસંદ કર્યો.

ફોઈની ટકોરને કારણે તેઓ એક આજ્ઞાકારી બાળક બન્યા, કાસૂ ગુરુજી, દુબેજી અને અન્ય અધ્યાપકોની પ્રેરણાથી તેઓ મેધાવી વિદ્યાર્થી બન્યા, કવિવર રહીમના દોહાથી તેમને કવિતા લખવાની પ્રેરણા મળી, આર્યસમાજના સત્સંગથી તેઓ સમાજ સુધારક બન્યા અને પારિવારિક પરંપરાએ તેમને સફળ ઉદ્યોગપતિ તથા ધર્મના ક્ષેત્રમાં એક વિહ્વળ ભક્ત બનાવ્યા. હાઈસ્કૂલની પરીક્ષામાં આખા મ્યાનમારમાં પ્રથમ આવ્યા અને શિષ્યવૃત્તિ મેળવવા છતાં પણ પારિવારિક દબાણને કારણે તેઓ આગળનો અભ્યાસ ના કરી શક્યા. છતાં પણ ઉદ્યોગ અને વ્યાપારના ક્ષેત્રે તેમને અભૂતપૂર્વ સફળતા મળી. દસ-બાર વર્ષની અલ્પ અવધિમાં તો તેઓ મ્યાનમારના અગ્રગણ્ય ઉદ્યોગપતિઓમાં સ્થાન પામ્યા. સાથે અનેક સાંસ્કૃતિક, સામાજિક, શૈક્ષણિક, ઔદ્યોગિક અને વ્યાપારિક સંસ્થાઓના પ્રમુખ પદો પર સ્થાન પામ્યા. સાથે સાથે તેઓ બર્મી સરકારના વ્યાપારિક, ઔદ્યોગિક અને વ્યવસાયિક બાબતોના સલાહકાર પણ બન્યા. ગોયન્કાજી જણાવે છે કે આટલા ટૂંકા ગાળામાં પ્રાપ્ત થયેલી અભૂતપૂર્વ સફળતાને કારણે તેમનું ચિત્ત અહંકારથી ભરાઈ ગયું. આ અહંકારે તેમને બેચેન, વ્યગ્ર, વ્યાકૂળ બનાવી દીધા. જેનું પરિણામ માઈગ્રેનના તીવ્ર હુમલાના સ્વરુપમાં આવ્યું. આ વિકારોથી છૂટકારો મેળવવા માટે તેઓ કર્મકાંડી પરંપરામાં પોતાના ઉપાસ્ય દેવ સામે પ્રાર્થના, રુદન-ક્રંદન કરીને થોડીવાર માટે મનને હળવું કરી લેતા પરંતુ ફરી પાછા

અહંકાર અને તેના પરિણામ સ્વરૂપ માઈગ્રેનની પીડાની વ્યાકૂળતા. ડૉક્ટરોની દવાઓ નિરૂપાય થઈ ચૂકી હતી.

ભલું થજો એ બર્મી મિત્ર ઉ છાં ઠુનનું, જેમના આગ્રહથી શ્રી ગોયન્કાજી સયાજી ઉ બા ખિનને મળ્યા, પરંતુ બુદ્ધની શિક્ષા પ્રતિ ફેલાયેલી વિપરીત લોકધારણાને કારણે તેઓ ઘણાં મૂંઝવણમાં રહ્યા. કારણ કે બુદ્ધને નવમો અવતાર માનવા છતાં પણ ભારતીયોમાં તો બુદ્ધની શિક્ષા પદ્ધતિ નાસ્તિક્તાના આધાર પર વર્જિત હતી. આવી દુવિધાની સ્થિતિમાં તેઓ જ્યારે સયાજી ઉબા ખિનની પાસે ગયા ત્યારે તેમના બેસતાની સાથે જ સયાજીએ કહ્યું, 'સાંભળ્યું છે કે તું માઈગ્રેનનો રોગી છે ? તેના ઈલાજ માટે આવતો હોય તો ના આવતો. કોઈ ડૉક્ટર પાસે જાઓ.' પછી ખૂબ પ્રેમથી સમજાવ્યું કે આ ખૂબ ઊંચા આધ્યાત્મની સાધના છે. એનું અવમૂલ્યન નથી કરવાનું. વિપશ્યના વિદ્યા તમારા ભારતની જ દેન છે. તેમાં શીલ, સમાધિ અને પ્રજ્ઞાનો અભ્યાસ કરાવવામાં આવે છે. પ્રજ્ઞા અને સ્થિતપ્રજ્ઞતાની વાતો ગોયન્કાજીએ ગીતામાં ઘણી વાંચી હતી અને તેના પર કલાકો પ્રવચન પણ આપ્યા હતા પરંતુ સ્થિતપ્રજ્ઞતા પોતાના જીવનમાં ઉતરતી ન હતી. તેઓ આ જીવનમાં ઉતારવાનો અભ્યાસ કરાવતા હતા, આ જીજ્ઞાસાએ તેમના મનમાં આકર્ષણ પેદા કર્યું. આ મુલાકાતથી લગભગ બે મહિના પછી શિબિર શરુ થવાની હતી. શિબિરમાં સમ્મિલિત થવાની સ્વીકૃતિ લઈને ઘરે પાછા ફર્યા.

પરંતુ ઘરે આવીને અવઢવ ચાલતી રહી. નિશ્ચિત તિથિ પર સમ્મિલિત થવા માટે ચાલ્યા ગયા પરંતુ પ્રારંભમાં કેટલીક એવી પરિસ્થિતિઓનો સામનો કરવો પડ્યો જેના કારણે ચૂપચાપ શિબિર છોડવાનું નક્કી કર્યું. થયું એવું કે એ દિવસે અન્ય સાધકોને એ દિવસના અનુભવો પૂછ્યા. સાધકો પણ અંદરોઅંદર વાત કરતા હતા. આ પ્રકારે ગોયન્કાજીને અન્ય સાધકોના અનુભવો સાથે કોઈ મેળ ના બેઠો આખરે એમને એવું લાગ્યું કે તેમની સાધના ઠીક નથી ચાલી રહી. વેપારી વ્યક્તિએ બેકારમાં સમય ક્યાં ખરાબ કરવો ? પરંતુ તે જ શિબિરમાં રંગૂન વિશ્વવિદ્યાલયના પ્રૉફેસર ડૉ. મ્યા સૈં નામના એક જુના સાધિકા પણ બેઠા હતા. તેમણે તેઓના રંગ- ઢંગ જોઈને શિબિરમાં રોકાવા માટે સમજાવ્યા અને તેઓ રોકાઈ ગયા. જોયું તો બીજા

દિવસે તેમની સાધના સરસ થવા લાગી હતી. આ કારણે જ તેમણે શિબિરમાં સાધકો અંદરો અંદર વાતો કરવા પર રોક લગાવી અને આખી શિબિર મૌન રહેવાનું જાહેર કર્યું. શિબિર શરૂ થવાના બે દિવસ પૂર્વ તેમને માઈગ્રેનની તીવ્ર પીડા થઈ હતી પરંતુ શિબિર પૂરી થતા તે પીડા જવા લાગી. તેમને બેચેની, વ્યગ્રતા, વ્યાકૂળતા બધું દૂર થયું.

બુદ્ધને પૂજવા પરંતુ તેમની શિક્ષાથી દૂર રહેવું એવી ભારતીય પ્રવૃત્તિ ગોયન્કાજીના મનમાં ઘર કરી ગઈ હતી. પોતાની કવિતાઓમાં તેઓ બુદ્ધની પ્રશંસા કરતા થાકતા નહીં. પરંતુ ભદંત આનંદ કૌશલ્યાયનજી દ્વારા તેમની શિક્ષાની પ્રશંસા કરવા બદલ ભદંત આનંદજી સાથે તેમણે બુદ્ધ સંબંધી સંવાદ જ બંધ કરી દીધો. તેમણે આપેલું 'ધમ્મપદ'નું પુસ્તક તેમના ટેબલ પર વર્ષ સુધી પડ્યું રહ્યું પરંતુ તેમને ક્યારેય ખોલીને જોયું નહોતું. શિબિરમાંથી આવીને એ પુસ્તક વાંચ્યું. શ્રી ગોયન્કાજીએ ખૂબ જ સ્પષ્ટતા સાથે બુદ્ધ પ્રત્યે પોતાની બેવડી માનસિક્તાનું વર્ણન કર્યું છે. સાથે જ તેઓ એમ પણ કહે છે કે શિબિરોમાં જ્યારે કોઈ બુદ્ધની શિક્ષા પ્રત્યે શંકા કે સંદેહ વ્યક્ત કરે છે ત્યારે તેઓ નારાજ નથી થતાં પરંતુ પોતાના થયેલા આવા જ અનુભવના આધારે ખૂબ જ સ્નેહ અને આત્મીયતાથી સમજાવે છે.

પહેલી સપ્ટેમ્બર 1955ના રોજ લગભગ 31 વર્ષની ઉંમરે તેઓ પ્રથમવાર વિપશ્યના શિબિરમાં સામેલ થયા, જેને તેઓ પોતાનો નવો જન્મ કહે છે. સાધના વિધિથી પ્રભાવિત થઈને તેમણે બુદ્ધવાણીનો અભ્યાસ શરુ કર્યો. શિબિર પૂરી કર્યાને લગભગ ત્રણ મહિના પછી તેમણે એવું વિચારીને ભારતની યાત્રા કરી કે 'મ્યાનમારના એક ગૃહસ્થ સંતે ધ્યાનની આવી કલ્યાણકારી અનુભૂતીઓ કરાવી તો આ મહાન પુરાતન દેશમાં તો વધુ ઊંડાણમાં જઈ શકાય તેવી સાધનાઓ પ્રચલિત હશે.' આ ઉદ્દેશ્યથી તેઓ હરિદ્વારના એક ધર્મગુરુ મહેશ યોગી, સ્વામી કૃષ્ણાનંદ ઇત્યાદીને મળ્યા પરંતુ કશું જ હાથ લાગ્યું નહીં. કોઈને તો એ જાણીને આશ્ચર્ય થયું કે 'વિપશ્યનાથી આખુ મૃણમય શરીર ચિન્મય થઈ જાય છે'. આનાથી વિશેષ શું જોઈએ ? એક સંતે તો ત્યાં સુધીનો સ્વીકાર કર્યો કે અમારે ત્યાં તો કોઈ ધ્યાન વિધિ શીખવવામાં આવતી નથી. અમે તો માત્ર સુવિધા પ્રદાન કરીએ

છીએ. જેને જે મનમાં આવે તે તેવું ધ્યાન કરે.

આત્મકથન ભાગ2-માં ગોયન્કાજીએ ધર્મ અને વિનય, ક્રિયાવાદ અને અક્રિયાવાદ, વારિત શીલ અને ચારિત શીલ, અનિત્ય, દુ:ખ, અનાત્મ અને અશુભ તથા ક્ષણિકવાદ ઇત્યાદીની યોગ્ય વ્યાખ્યા કરતાં કરતાં તેની સાથે ફેલાયેલા ભ્રમને દૂર કર્યો છે. તેમણે એ પણ સ્પષ્ટ કર્યું છે કે બુદ્ધ સંસારને દુ:ખમય હોવાની વાત નથી કરતા, પરંતુ સંસારના લોકોને દુ:ખ મુક્ત કરવાની વાત કરે છે. 'અમૃતનું દ્વાર ખુલી ગયું' શિર્ષક અંતર્ગત લેખમાં તેમણે નિર્વાણ માટે અક્ષર, શિવ, અચ્યુત, ધ્રુવ, શાશ્વત, અનુત્પાદ, અજન્મા આદી જેવા ડઝનથી પણ વધુ પર્યાયવાચી શબ્દો આપ્યા છે, જે નિર્વાણની પર્યાપ્ત વ્યાખ્યા અને તેની સમજણ હૃદયમાં બેસાડવા માટે સમર્થ છે. 'વિપશ્યના' આ જ અમૃતપદને પ્રાપ્ત કરવાનો ઉપાય છે.

આ પુસ્તકમાં પ્રસંગોપાત ક્યાંક ક્યાંક કેટલીક વાતોને વિસ્તારથી સમજાવવાને કારણે પુનરાવર્તન થયું છે જે વિશે તેમણે આત્મકથન ભાગ-1ના 41માં પાના પર જાતે જ લખ્યું છે.

"જેનું **વિસ્તૃત વિવરણ** હું મારા **બધા ગુરુજનોના ઉપકારોનું** વર્ણન કોઈ **અન્ય આત્મકથનમાં** કરી શકીશ..."

અમને વિશ્વાસ છે કે વાચકો આનો સહર્ષ સ્વીકાર કરશે.

----------

પોતાના ગુરુજી સયાજી ઉ બા ખિનના નિર્દેશ અનુસાર તેમણે 3 જુલાઈ 1969ના રોજ ભારતની આર્થિક રાજધાની ગણાતા મુંબઈ મહાનગરની એક ધર્મશાળામાં પ્રથમ શિબિરનું આયોજન કર્યું. પછી તો ધર્મનો પ્રવાહ આખા દેશમાં પૂર્વથી પશ્ચિમ, ઉત્તરથી દક્ષિણ અને વિદેશોમાં ખૂણે ખૂણે ચારેય તરફ ફેલાવા લાગ્યો. અનેક વિપશ્યના કેન્દ્રોની સ્થાપનાઓ થઈ. વિપશ્યના પર શોધ કરવા માટે શ્રી ગોયન્કાજીએ ઈગતપુરીમાં 'વિપશ્યના વિશોધન વિન્યાસ'ની સ્થાપના કરી, જેના માધ્યમથી માત્ર પાલિ સાહિત્ય જ નહીં પરંતુ અન્ય ભાષાઓના સાહિત્ય પણ કમ્પ્યૂટરમાં સાંકળવામાં આવ્યા જેથી તેના પર તુલનાત્મક અભ્યાસ કરી શકાય બુદ્ધવાણીમાં વિપશ્યના આદી

વિષયોનો માત્ર વિશોધન જ નહીં પરંતુ આખેઆખા પાલિ સાહિત્યને આ માધ્યમથી છાપવામાં આવ્યું. અનેક લિપિઓમાં ગોઠવીને સમગ્ર પાલિ સાહિત્યની સીડી બનાવવામાં આવી અને તેનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવ્યું. ત્યારબાદ તેની વિશ્વની 14 લિપિઓમાં ઈન્ટરનેટના માધ્યમથી મૂકવામાં આવ્યું. આજે કોઈપણ વ્યક્તિ, કોઈપણ સ્થળેથી પાલિ સાહિત્યનું અધ્યયન અને વિશોધન કરી શકે છે.

'મિલેનિયમ વર્લ્ડ પીસ સમિટ'માં આપવામાં આવેલાં ગુરુજીના પ્રવચન... 'હું પરિવર્તનના પક્ષમાં છું... પરંતુ એક સંપ્રદાયથી બીજા સંપ્રદાયમાં પરિવર્તન નહીં પરંતુ દુઃખમાંથી સુખમાં પરિવર્તન, ખરાબપણાંમાંથી સારાપણાંમાં પરિવર્તન, દુર્ભાવનાથી સદ્દભાવનામાં પરિવર્તન હોવું જોઈએ'...આ સહસ્ત્રાબ્દિઓ સુધી દુઃખી માનવ માટે એક પ્રકાશસ્તંભ તરીકે કામ કરશે.

શ્રી ગોયન્કાજીના મનમાં એક બહુપયોગી પગોડા બનાવવાનો સંકલ્પ ઉમડ્યો. મ્યાનમાંરમાં એક લોકોક્તિ છે - 'બુદ્ધની શિક્ષા ત્યાં સુધી વિશ્વમાં સુરક્ષિત રહેશે જ્યાં સુધી બુદ્ધની શરીરધાતુ સુરક્ષિત રહેશે.' એટલે આને દીર્ઘકાળ સુધી સુરક્ષિત રાખવા માટે કોઈ એવી વસ્તુનું નિર્માણ થાય જે સહસ્ત્રાબ્દીઓ સુધી કાયમ રહે અને તેના થકી વધુમાં વધુ લોકોનું મંગલ સધાય. આ જ શ્રેણીમાં સંરચનાકારો સાથેના વિચાર-વિમર્શ પછી એક ચિત્ર ઉભર્યું કે એક એવો પગોડા બનાવવામાં આવે જે માત્ર પત્થરોથી નિર્મિત હોય તો જ તે ચિરકાળ સુધી જીવીત રહેશે. કારણ કે સિમેંટ અને લોખંડથી બનેલી ઈમારત સો-બસો વર્ષ સુધી ટકી શકે છે. આમ મુંબઈ પાસે ગોરાઈમાં માત્ર પત્થરોના પ્રયોગથી એક વિશાળ પગોડા બનાવવામાં આવ્યું, જેમાં બુદ્ધ ધાતુ સુરક્ષિત કરવામાં આવી. જે ઓછામાં ઓછા બે હજાર વર્ષ સુધી ટકશે. તેના વિશાળ ગુંબજ અને સ્તંભ વિનાના સાધના કક્ષમાં આઠ હજારથી પણ વધુ લોકો બેસીને ધ્યાન કરી શકે છે.

વિપશ્યના વિદ્યા મ્યાનમારમાં હજારો વર્ષો સુધી કાયમ રહી અને ત્યાંથી ભારત પાછી આવી, આ માટે જ મ્યાનમારના ઉપકારને યાદ કરીને કૃતજ્ઞતા વ્યક્ત કરવાના હેતુથી આ પગોડા ત્યાંના પ્રસિદ્ધ **'શ્વેડગૉન'**ની પ્રતિકૃતિનો

બનાવવામાં આવ્યો છે. જેથી **મ્યાન**મારની સાથે સાથે **સયાજી ઉબા ખિનને** પણ યાદ રાખવામાં આવે.

શ્રી ગોયન્કાજીના નિર્દેશનથી પગોડા જોવા આવનારા મુલાકાતીઓને વિપશ્યનાની જાણકારી આપવા માટે અને વિપશ્યનાના અભ્યાસ માટે પગોડાની પાસે જ એક વિપશ્યના કેન્દ્રની સ્થાપના થઈ, જેમાં લગભગ 100 સાધકો માટે દસ દિવસીય તથા દીર્ઘ શિબિરનું આયોજન કરવામાં આવે છે. પગોડા પરિસરમાં અનેક માહિતી માટે અનેક પ્રકારની વ્યવસ્થાઓ કરવામાં આવી છે. 'વિપશ્યના વિશોધન વિન્યાસ'ના 'પાલિ પ્રશિક્ષણ વિભાગ' તથા 'વિશોધન વિભાગ'ના એકમોને પગોડા પરિસરમાં ફેરવવામાં આવ્યા છે, જેથી શહેરની નજીક હોવાના કારણે વધુને વધુ લોકો આનો લાભ લઈ શકે. 'પ્રકાશન વિભાગ' તથા 'અમૂલ્ય વિધિ-નિધી સુરક્ષા વિભાગ' (Archive Centre) ઈગતપુરીમાં જ છે.

આ મહામાનવ પ્રતિ અનેક લોકો અને સંસ્થાઓએ અલંકાર અને સન્માન પ્રદાન કરી પોતાનો સદ્દભાવ વ્યક્ત કર્યો. તેઓ સુખી થાય...તેમને શાંતિ પ્રાપ્ત થાય...

સૌનું મંગલ થાઓ ! સૌનું કલ્યાણ થાઓ !

વિપશ્યના વિશોધન વિન્યાસ